# ઈંદોર

મધ્યપ્રદેશના તીર્થક્ષેત્રોની યાત્રા માટે ઈંદોર હેડકવાર્ટર રાખવું વધુ સારૂ છે, કારણ કે ઈંદોરથી મધ્યપ્રદેશમાં ઘણા તીર્થક્ષેત્રોમાં જવા માટે એસ. ટી. ની બસો થોડી-થોડી વારે મળતી રહેતી હોવાથી જગ્યા પણ મળી જાય છે. વળી ઈંદોરમાં રહેવા માટે ગુજરાતી સમાજ રેલ્વે સ્ટેશનથી તેમજ બસ સ્ટેન્ડથી નજીકમાં જ છે. તે સિવાય ઈંદોરમાં ઉતરવા માટે ધર્મશાળાઓ પણ છે. એક ધર્મશાળા તો બસ સ્ટેન્ડની બાજુમાં જ છે. જો કે ત્યાં સ્વચ્છતા ઓછી છે અને બસ સ્ટેન્ડથી ચાલતાં જવાય તેટલી નજીક હોવાથી ગીર્દી પણ રહે છે. તે નસીયાજીની ધર્મશાળા કહેવાય છે અને મોટી છે. તેથી ત્યાં જગ્યા તો મળી જ રહે છે. ઈંદોરમાં ઘણા જ જિનમંદિરો છે. તેમાં મુખ્ય મંદિર સર શેઠ શ્રી હુકમચંદજીનું કાચનું મંદિર ઘણું જ ભવ્ય છે. તે મંદિર જોવા માટે જૈનો અને જૈનેતરો તથા દેશ-વિદેશના લોકો આવે છે અને ખરેખર તે અતિભવ્ય હોઈને જરૂર દર્શનીય છે. તે સિવાય પણ ઈંદોર શહેરમાં ઘણા જ મંદિરો છે. શહેર સિવાય પલાસીયામાં પણ ઘણા જિનમંદિરો છે.

**પલાસીયા જિનમંદિર** :- અહીં પણ રંગબેરંગી કાચનું ભવ્ય જિનમંદિર અને તેવું જ સમવસરણજીનું મંદિર છે. રંગબેરંગી કાચ અને તેમાં સોનાનું કામ છે. મંદિરની છત, દિવાલો અને થાંભલા-બધુ જ રંગબેરંગી કાચનું હોઈને મંદિર ખૂબ ભવ્ય લાગે છે. સર શેઠ શ્રી હુકમચંદજીએ વર્ષો પહેલાં આવું કાચનું મંદિર કરાવેલું તેવું જ કામ આજે પણ થઈ શકે છે. તે પલાસીયાનું મંદિર જોતા ખ્યાલ આવે છે. આ સિવાય પલાસીયામાં જ સર શેઠ શ્રી હુકમચંદજીના બંગલામાં પણ જિનમંદિર છે. બંગલો ન કહેવાય, પણ મહેલ કહેવાય. રજવાડા જેવો જ ભવ્ય અને ખૂબ જ મોટો બંગલો છે, જેમાં જાત-જાતના સ્ટેચ્યુ (પૂતળા) મૂકેલા છે. આ બંગલો-તેમનો મહેલ બહારથી પણ જોવાલાયક છે. આ સિવાય તેમના મહેલ-બંગલાની સાથે તેમના ભાઈ કલ્યાણમલજીના બંગલામાં પણ મંદિર છે. જેના દર્શન માટે સૌને જવાની છૂટ છે. બંને બંગલામાં મંદિર જ છે. ચૈત્યાલય કે ઘર દેરાસર જેવું નથી. આ રીતે પલાસીયામાં કુલ ચાર જિનમંદિરો દર્શન કરવા જેવા છે.

સર શેઠ શ્રી હુકમચંદજીનું કાચનું મંદિર સીતલામાતા બજારમાં છે, જે ખૂબ જ પ્રખ્યાત હોઈને દરેકે-દરેક રીક્ષાવાળા શેઠના કાચના મંદિરે લઈ જાય છે. આ મંદિરનું વર્ણન શું લખવું અને શું ન લખવું તે જ પ્રશ્ન છે. માટે ઈંદોર જાવ તો ગમે તેમ કરીને બીજા કામો પડતા મૂકીને પણ આ

કાચના મંદિરે તો અવશ્ય જવું. મંદિરમાં નીચે, દિવાલોમાં, છતમાં, થાંભલામાં-બધે જ રંગબેરંગી કાચનું કામ સુવર્ણકામ સહિતનું છે. દિવાલોમાં ધાર્મિક અને ઐતિહાસિક મોટા-મોટા ચિત્રપટો રંગબેરંગી કાચમાં છે. આ મંદિરની તદ્દન પાસે જ સાકરબજારમાં બીજા ત્રણ મોટા-મોટા જિનમંદિરો એક જ લાઈનમાં પાસે-પાસે જ આવેલા છે. તેના નામ આ પ્રમાણે છે :

(૧) શ્રી આદિનાથ જિનાલય (મારવાડી મંદિર)

(૨) શ્રી પાર્શ્વનાથ જિનાલય (ચીમનલાલજીનું મંદિર) અને

(૩) શ્રી આદિનાથ જિનાલય તેરાપંથી.

આ ત્રણ મંદિરની બાજુની ગલીમાં જ લશ્કરી મંદિર છે, જેનું નામ "શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન લશ્કરી મંદિર" છે. આ સિવાય ઈંદોરમાં બીજા ઘણા જ દિગંબર જૈન મંદિરો છે. છાવણીમાં બે મંદિર, તુકોગંજમાં ત્રણ મંદિર, માણેકચોકમાં બે મંદિર, ગોરાકુંડમાં એક મંદિર, મલ્હારગંજમાં એક મંદિર, નસીયામાં એક મંદિર, દીતવારામાં એક મંદિર તથા ઝવેરી બાગમાં એક મંદિર છે. મંદિર સિવાય શેઠનો મહેલ, રાજમહલ, શીશમહલ, ઈન્દ્રભવન, કલ્યાણ ભવન વિગેરે જોવાલાયક છે, પણ હાલ તે જોવા જવા દેતા નથી.

સત્ય બોલવુ એ કાંઈ મુશ્કેલ નથી. સાવ સહજ છે. જો વેપારાદિ સત્ય વડે થાય તો જ કરવા. જો છ મહિના સુધી તેમ વર્તી શકાય તો સત્ય બોલવુ સહજ થઈ જાય છે. સત્ય બોલતા કદાચ થોડો વખત પ્રથમ નુકશાન પણ થાય. પણ પછી અનંત ગુણનો ધણી જે ભગવાન આત્મા છે તે લુંટાતો બંધ થાય. સત્ય બોલતા ધીમે ધીમે સહજ થઈ જાય છે અને તેમ થયા પછી વ્રત લેવુ.

- શ્રીમદ્ રાજચંદ્રજી

o o o o o

જ્ઞાનીઓના ગુણગાન ન થઈ શકે તો કંઈ નહીં, તેમની નિંદા બિલકુલ કરીશ નહીં. હંમેશા આત્માના કલ્યાણ તરફ ધ્યેય રાખવા પ્રયત્ન કરવો. આત્મા શાંતિ સુખનો પિંડ છે તેનું ચિંતવન વારંવાર કરવું. આત્મા રાગાદિભાવ-મનવાણી અને દેહથી જુદો પદાર્થ છે તેમ ચિંતવવું.